**ફો.મુ.નં. ૧૨૯૨૧ સને ૨૦૨૦**
**આંક –૩ નું સાંધણ.**

૧. આ કામે આરોપી વિરુધ્ધ તપાસ કરનાર અમલદારે ઈ.પી.કો.કલમ – ૨૭૯, એમ.વી.એકટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબ ના ગુન્હાનું ચાર્જશીટ કરેલ છે.

૨. આ કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને આરોપી તરફે ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આરોપીને તેઓ ગુન્હો કરવા બંધાયેલા નથી અને તેઓને કાયદા મુજબ નિયત કરેલ સજા થઈ શકે છે તેવી સમજ આપવામાં આવેલી છે તેમ છતાં આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતા હોવાનું જણાવે છે. જેથી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

૩. આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ ધ્યાને લેતાં, આરોપી ગરીબ વર્ગના ઈસમ હોવાનું તેમના કુંટુંબમાં તેઓ એકલા જ કમાનાર સભ્ય હોવાનું અને તેઓને કાયદા મુજબ સજા કરવામાં આવે તો તેમના કુંટુંબને ભૂખે મરવાનો વારો આવે તેમ હોવાનું તેમજ તેઓનો આ પ્રથમ ગુન્હો હોવાનું અને અજ્ઞાનતાના કારણે ગુન્હો થયેલ હોવાનું જણાવે છે અને આ સંજોગો ધ્યાને લઈ ઓછામાં ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે. જેથી ઉપરોકત સંજોગો અને કારણો ધ્યાને લઈ આરોપીને ઓછામાં ઓછી સજા કરવી યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ – ૨૭૯ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂપીયા ૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો) પુરાનો દંડ તેમજ એમ.વી.એકટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી રૂ.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ અને જો દંડ ન ભરે તો આરોપીને દિન – ૧ (એક) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૨ મી માહે : માર્ચ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

નવસારી.
તા. ૧૨/૦૩/૨૦૨૨

(આર.આર.પટેલ)
બીજા એડીશનલ સિનિયર સિવિલ જજ
અને એડીશનલ ચીફ જયુડીશીયલ મેજી.સ્ટ્રેટ
નવસારી. જીજે ૦૦૯૨૨